# યિથ્રોએ કર્યું તેમ દેવના બધા લોકોને સેવા કરવાની તક મળે તેવું વ્યવસ્થા તંત્ર ગોઠવો.

બીજા પાળક વડીલો સાથે જવાબદારી વહેંચો બાળકોને શીખવનારે સ્ટડી L1b  વાંચવો.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, યીથ્રોએ મુસાને સલાહ આપી તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવા અમારી સહાય કરો.

**૧. ચાલુ જરૂરિયાતો અને રૂઢિઓ મુજબની પ્રવૃત્તિઓ પસંદ કરો.**

તમારા હૃદય અને મનને દેવના વચન વડે તૈયાર કરો. નિર્ગ ૧૮માંથી શીખો કે કેવી રીતે દેવ મુસાના સસરા યિથ્રોનો ઉત્તમ સલાહકાર તરીકે ઉપયોગ કરીને ઈસ્ત્રાએલમાં જૂથો શરુ કર્યા.

- મૂસા કેવી રીતે સૌ પ્રથમ યિથ્રોને મળ્યો તે માટે જો તમે નિર્ગમન ૧-૩ અધ્યાય ન વાંચ્યા હોય તો વાંચી જશો.
- દરેક ઈસ્ત્રાએલના કુટુંબ માટે આત્મિક પાળકની જરૂર વિષે મુસાને કેવી રીતે ખાતરી થઈ ?
- પાળકના હાથ નીચેના સૌથી નાના જૂથમાં કેટલા માણસો હોવા જોઈએ તેવી સલાહ યિથ્રોએ આપી ?
- દેવે પોતાના લોકોનો વહીવટ કરવા માટે તે નવા વિડીલોને પાયાના નિયમો આપ્યા (જૂઓ, નિર્ગમ ૧૯ અને ૨૦)
- આ નિયમો દેવ અને ઈસ્ત્રાએલ પ્રજા વચ્ચે કરાર હતો જેના પાયામાં દસ આજ્ઞાઓ હતી.
- તે આજ્ઞાઓ પ્રાચિન ઈસ્ત્રાએલના નિયમ ની મુખ્ય  બાબત હતી જેને યહુદીઓ 'તોરાહ' કહે છે.
- નાનામાં નાનું દસ માણસોનું જૂથ બનાવીને વડીલ પ્રથાની શરૂઆત થઈ.
- તે વડીલને દસ કરતા વધારે કુટુંબની સમસ્યા કદી સાંભળવી પડતી ન હતી જેથી તે તેઓની યોગ્ય સંભાળ લઈ શકતો હતો.
- મોટા જૂથના આગેવાનો ન્યાય અને વહીવટી સત્તાનું સંકલન કરતા હતા.

સમતુલિત આગેવાનીમાં ચાર ફરજો છે જેના નમૂના આ ચાર બાઈબલના આગેવાનો છે.

૧) **મુસા :** દ્દષ્ટા કે પ્રબોધક તેણે ભવિષ્યમાં તેના લોક માટે દેવ શું કરવાનો છે તેનું ભાવિ દર્શન આત્માની પ્રેરણાથી પ્રાપ્ત કર્યું.

**દર્શન**




દેવ કેટલાક આગેવાનોને નવા વિસ્તારોમાં જૂથ ચાલુ કરવાનું સામર્થ્ય આપે છે તેઓ પાળકોને આ ટોળાઓના આયોજન અને વૃદ્ધિમાં મદદ કરે છે.

૨) **યહોશુઆ :** યોદ્ધો, તેણે મૂસાના દર્શનને કાર્યરત કર્યું અને યુદ્ધો કર્યા.

**દ્દઢતા**



દેવ કેટલાક વહીવટકારોને એવી હિંમત આપે છે કે જ્યારે લોકો તેમનો વિરોધ કરતા હોય ત્યારે પણ સેવા ચાલુ રાખે છે અને કામ કરનારાઓમાં ધીરજ ઉપજાવે છે.

૩) **હારૂન :** ડાહભરી (દેખરેખ રાખનાર) તે પ્રમુખ યાજક હતો અને બીજા યાજકો રોજબરોજની યાજકીય સેવા કરે તે પર ધ્યાન રાખતો હતો.

**સર્વાંગી-પણું**



સંચાલન બાબતે એક એક બાબતની ચોકસાઈ નું જ્ઞાન આપે છે જેથી કાર્યકર્તાઓ માટે કામ કરવાનું સહેલું બને છે.

૪) **બાર્નાબાસ :** તે ઉત્તેજન આપનાર અને પ્રેમાળ ભલો હતો. તે લોકોને એકતામાં રહીને કામ કરવામાં સહાય કરતો હતો.

**ભલાઈ**



દેવ કેટલાક આગેવાનોને તેમનું કામ સર્વની નજરમાં આનંદિત બનાવવામાં સહાય કરે છે. તેઓ લોકોની જરૂરિયાતો સાથે કામ પાર પાડતા તેમને ખાતરી અને દિલાસો આપે છે.

ઉતમ આગેવાનો આ ચાર ફરજોની સમતુલા સાધે છે અને ઘણીવાર આગેવાનોની ટીમમાં તેમનો સમાવેશ કરે છે.

- આ ચાર ફરજોમાંથી કઈ તમે સારી રીતે ચલાવો છો ? કઈ ફરજ બાબતમાં તમારે મદદની જરૂર છે ?
- સારો આગેવાન પોતાને જે દાનની કમી છે તે ધરાવનારા મદદનીશોના ગાઢ સંપર્કમાં  રહીને કામ કરે છે.
- આ ચારે ચાર ફરજો ખૂબ સારી રીતે પાર પાડનાર પ્રભુ ઈસુ દાઉદ અને પાઉલ જેવા ખૂબ ઓછા આગેવાનો હોય છે.

ઉતમ આગેવાનો **જવાબદારીને વહેંચે છે**. ઈસુ, દાઉદ અને પાઉલે કામ એકલે હાથે કર્યું ન હતું.

**શરૂઆત કરનારાઓ** નવી મંડળીઓ અને પ્રોજેક્ટો શરૂ કરે છે. તેઓ નવા વિસ્તારોમાં દેવનું કામ શરૂ કરે છે.

- નવું દર્શન પ્રાપ્ત કરનાર આગેવાન દેવ શું કરવા ચાહે છે તે શોધી કાઢે છે અને આ દર્શન બીજાઓને વહેંચે છે.
- તેઓ બીજા આગેવાનોને શાંત રીતે પણ તૈયાર કરી શકે જેમ મૂસાએ હારુનને જાહેરમાં બોલવા માટે તૈયાર કર્યો હતો.
- પીતર અને બીજાઓ જેઓ પ્રરિતોના કૃત્યમાં નવી મંડળીઓ સ્થાપતા હતા તેઓ શરૂ કરનારા હતા.
- દર્શન પામનાર આગેવાન, મૂસાની માફક જાણે કે દેવ તેના ટોળા પાસે શું કરાવવા માગં છે જો આવા દર્શનવાળા કોઈ આગેવાનન હોય તો પાળકો કે વડીલો કંઈ કરી ના શકે કારણ કે આગળના માર્ગ વિષે બધા અજાણ હોય. કેવળ શિક્ષણથી વહીવટ કે આગેવાનોને દોરવણીમાં કોઈ ફાયદો નહીં મળે એ જ પ્રમાણે નિયમો લાદવાથી પણ દોરવણી વ્યર્થ જશે.

શરૂઆત કરનારાઓએ શરૂ કરેલા કામ **મેનેજરો** (દેખરેખ રાખનારા) દ્વારા વહીવટી તંત્રમાં આગળ ધપાવવું જોઈએ.

- તિતસ ક્રીતમાં રોકાયો અને પાઉલે શરૂ કરેલ મંડળીઓ ના પાળક કે વડીલોને તૈયાર કરવા લાગ્યો. (તિતસ ૧ :૫)
- સારા દેખરેખ રાખનારર (મેનેજરો) દેવ ટોળા માટે ચાહે છે તે કાર્યો કરવા વહીવટી તંત્ર ગોઠવે છે. આ કાર્યોમાં ઈસુ વિષે કહેવું, પ્રાર્થના, આપવું, સલાહ, શિક્ષણ, જરૂરિયાતમંદોને મદદ, સંગતો શરૂ કરવી, કુટુંબોને દ્દઢ કરવા, સેવા માટે તંત્ર ગોઠવવું, નીતિમત્તા જાળવી, ભજન, નવા જૂથો શરુ કરવા, આગેવાનોને તૈયાર કરવા અને મિશનેરીઓ મોકલવા તે છે.

તમે કોણ છો, દેખરેખ રાખનાર કે શરૂ કરનાર ? (ઘણા ઓછા આગેવાનો આ બંને કાર્યો લાંબા સમય સુધી સારી રીતે કરી શકે છે )

જે વિશ્વાસીઓ સંભાળ રાખનાર વડીલો તરીકે સેવા આપવાના છે તેમની **મુલાકાત લો** અને સેવા શરૂ કરવા માટે તેમની સહાય કરો. જો કોઈ આગેવાનને વહીવટ કરવા વિષે હજુ વધારે શિક્ષણની જરૂર હોય તો આ અભ્યાસ ની તેમની સાથે ચર્ચા કરો.

## ૨. તમારા સાથીદારો સાથે અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.

યિથ્રોએ મૂસાને જે કરવાની સાલહ આપી તે રીતે તંત્ર ગોઠવવા તમારા સાથીદારોની સહાય માટે સભા ગોઠવો.

ખરાબ તંત્ર અને સારા તંત્ર ની સરખામણી માટે વરુઓની રમત રમો. (ભજનસેવાના સમયે નહિ) આ માટે દસ કે વધારે લોકોને ઘેટાં બનાવો તેઓ એક લાંબી લાઈનમાં હલ્યા વગર ઊભા રહે.

ત્રણને વરુ અને એકને વડીલ બનાવો તેઓ હાલી ચાલી શકે.

- જ્યારે તમે બાલો 'જાવ' ત્યારે વરુઓ ઘેટાંઓને પકડવા પ્રયત્ન કરશે જે ઘેટાંને એ પકડે તે ઘેટાંએ પડી

જવાનું તે જ વખતે જે વડીલ વરુને પકડે તે વરુ પડી જાય. કેટલાંક ઘેટાં આ રીતે પડીને મૃત્યુ પામે પછી બંધ કરો.

- હવે વડીલ પોતાના ઘેટાંના નાના જૂથ બનાવે. દરેક જૂથ ઉપર એક પાળક ઠરાવે.
- ફરીથી બોલે, 'જાવ' અને વરુઓ મૃત્ય પામે એટલે બંધ કરે. હવે વિશ્વાસીઓને પૂછો - કોણ વધારે મૂલ્યવાન, ઘેટાં કે માણસનો આત્મા ?
- લોકોને પૂછો કે યિથ્રોએ મુસાને નાના જૂથો ઉપર આગેવાનો નીમવાની સલાહ કેમ આપી ?
- આમાંથી કયું વધારે સારું - વિશ્વાસીઓના ઘણા નાના જૂથો ઉપર ઘણા આગેવાનો કે એક મોટા જૂથને દોરવણી આપનાર એક આગેવાન ? દેવ શા માટે નાના જૂથો આપણી પાસે બનાવવા ચાહે છે તેની ચર્ચા કરો.

### ૩. આગામી ભજનસેવાનું સાથીદારો સાથે આયોજન કરો.

યિથ્રોએ મુસાને લોકો સાથે વ્યવહાર કરવા માટે જે સલાહ આપી તે કહી કે ભજવી બતાવો ભાગ ૧ ના પ્રશ્નો પૂછો. ભાગ ૧માંથી આગેવાનની ચાર ફરજો **સમજાવો** (દર્શન, દૃઢતા, સર્વાંગીપણું અને ભલાઈ) વિશ્વાસીઓને તેમની જરૂરિયાતો સંતોષે તેવા નાના જૂથમાંથી જે મદદ મળી હોય તેના રીપોર્ટ વિશ્વાસીઓને આપવા દો.

**બાળકો**ને તેમણે તૈયાર કરેલા નાટક અને અન્ય બાબતે રજુ કરવા દો. દેવના કાર્યમાં શરુ કરનાર અને દેખરેખ રાખનાર બંનેની જરૂરિયાતો **સમજાવો.**

૧ પિતર ૫ :૨-૩ માંથી વડીલ માટે દેવનો નિયમ **મુખપાઠ કરો.**

બે કે ત્રણ ના જૂથ માં વહેંચાઈ જઈ પ્રાર્થના, આયોજન અને એકબીજાને ઉત્તેજન આપવાનું કામ કરો.

**મેજની સેવા** માટે પ્રભુ ઈસુએ ૫૦૦૦ ને જમાડયા તે વાર્તા લુક ૯ :૧૨-૧૭ માંથી કહો. તેઓ આશરે પચાસ પચાસ ના જૂથમાં જમવા બેઠા જેથી દરેક તૃપ્ત થયાની ખબર પડે આપણે પણ નાના જૂથમાં પ્રભુની મેજમાં ભાગ લેવો જોઈએ જેથી બધા પ્રભુના શરીર અને લોહીમાં ભાગીદાર થઈ શકે. (૧ કોરીંથ ૧૦ :૧૬-૧૭)

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.